પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૮૩ | ૩ જુન, ૨૦૧૭, શનિવાર ; જયેષ્ઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પંજાબ-કાશ્મીરમાં હુમલાનો ખતરો

## લશ્કરે તોઇબાનો હેન્ડલર હાલ ભારતમાં જ છુપાયો હોવાના અહેવાલથી એલર્ટ : નાગરિક વિસ્તારો અને લશ્કરી સ્થળો ઉપર હુમલા કરવા આદેશ તોઇબાના લીડર અનાન દ્વારા અપાયા છે : કુખ્યાત ત્રાસવાદી અનાનને શોધવા પ્રયાસો



શ્રીનગર,તા. ૨

પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં આત્મઘાતી હુમલાઓનો ખતરો તોળાઇ રહ્યો છે. લશ્કરે તોયબાનો હેન્ડલર હાલમાં ભારતમાં છે. ગુપ્તચર હેવાલમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. પંજાબ અને જમ્મુ કાશ્મીરની પોલીસ ઉપરાંત તમામ કેન્દ્રિય સુરક્ષા સંસ્થાઓ હવે એલર્ટ પર છે. પાકિસ્તાની ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના ઓક લીડર ભારતમાં છે. આ શખ્સે નાગરિક અને લશ્કરી વિસ્તારોમાં આત્મઘાતી હુમલો કરવા માટે આદેશ કર્યા છે. આ હેન્ડલરનુ નામ હંજિયા અનાન છે. અનાનના ટાર્ગેટ પર અનેક સ્થળો છે. જેમાં જમ્મુના વિજયપુર રેલવે સ્ટેશન, સાંબા અને બારીના ઔદ્યોગિક વિસ્તારો, જમ્મુ ડેન્ટલ કોલેજ હોસ્ટેલ ઉપરાંત ઈન્ડિયન આમીના કેમ્પની આસપાસના વિસ્તારો અને પંજાબના ગુરદાસપુર અને દીનાનગરનો સમાવેશ થાય છે. ભારતીય સુરક્ષા સંસ્થાઓ હજુ સુધી લશ્કરે તોઈબાના હિંડલર અનાન ક્યાં છુપાયેલો છે તે અંગેની માહિતી મેળવી શકી નથી. સૂત્રોનું કહેવું છે કે તે તાજેતરમાં જ ભારતમાં ઘુસણખોરી કરી ગયો હતો.

● અનુસંધાન પાન-૫ પર

# પેરિસ ક્લાઈમેટ ડિલમાંથી અમેરિકા ખસી ગયું

## અમેરિકન વર્કર્સ ફર્સ્ટના વચનને પાળી રહ્યા છે : પેરિસ ક્લાઇમેટ ડિલના મુદ્દે અમેરિકા ખસી જતાં મોટો ફટકો : ડિલ પાળવા અબજો રૂપિયા ભારત વિકસિત દેશો પાસેથી મેળવી રહ્યું છે : ટ્રમ્પ



નવીદિલ્હી,તા. ૨

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે, અમેરિકા હવે પેરિસ ક્લાઈમેટ ડિલના હિસ્સા તરીકે રહેશે નહીં. ટ્રમ્પે જાહેરાત કરી છે કે, તેઓ પોતાના અમેરિકન વર્કર્સ ફર્સ્ટના વચનને પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે અને આનાથી વધુ સારી ડિલની આશા રાખે છે. ૨૦૧૫માં થયેલી સમજૂતિ ઉપર ૧૯૫ દેશોએ હસ્તાક્ષર કર્યા હતા. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, અમેરિકા આ ડિલથી પીછેહઠ કરી જતાં ક્લાઈમેટ ચેંજને લઈને થઈ રહેલા પ્રયાસોને મોટો ફટકો પડી શકે છે. ટ્રમ્પે પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, આ સમજૂતિના કારણસર અમેરિકી

● અનુસંધાન પાન-૫ પર

# બે લાખ રૂપિયાથી વધુની રોકડ લેવડદેવડ પર દંડ

## જે વ્યક્તિને રોકડ રકમ મળશે તેને આટલી જ રકમનો દંડ આપવાની જરૂર પડશે : ઇનકમટેક્સ દ્વારા ચેતવણી



નવી દિલ્હી, તા. ૨


ઈન્કમટેક્સ વિભાગે આજે લોકોને બે લાખ રૂપિયાથી વધુની રોકડ લેવડદેવડને લઈને ચેતવણી આપી હતી. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, બે લાખથી વધુની રોકડ લેવડદેવડ ઉપર દંડ થઈ શકે છે. ઈનકમ ટેક્સ વિભાગ તરફથી ચેતવણી આપવામાં આવ્યા બાદ લોકો સાવધાન થઈ ગયા છે. આ પ્રકારની લેવડદેવડમાં જે વ્યક્તિને રોકડ રકમ મળશે તેને તેટલા જ દંડની રકમ ચુકવવી પડશે. આ ઉપરાંત વિભાગે લોકોને કહ્યું છે કે, જો તેને આ પ્રકારની લેવડદેવડની કોઈ માહિતી મળે છે તો આની વિગત બ્લેકમની ઈન્ફો એટ દ રેટ ઈન્કમ ટેક્સ ડોટ ગોવ ડોટ ઈન પર મોકલી શકે છે. સરકારે નાણાંકીય અધિનિયમ ૨૦૧૭ હેઠળ પહેલી એપ્રિલ ૨૦૧૭થી બે લાખ રૂપિયાથી વધુની રોકડ લેવડદેવડ પર પ્રતિબંધ મુકી દીધો હતો. આવકવેરા કાયદામાં નવી સામેલ કરવામાં આવેલી

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા

દિલ્હી અને એનસીઆર સહિત



હરિયાણા અને પશ્ચિમી ઉત્તરપ્રદેશના કેટલાક વિસ્તારોમાં આજે સવારે ધરતીકંપના આંચકા આવ્યા હતા. ધરતીકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૪.૭-૫ નોંધાઇ હતી. ભૂકંપનુ કેન્દ્ર હરિયાણાના ગોહાનામાં જમીનથી ૧૦ કિલોમીટર નીચે હતુ. ધરતીકંપના આંચકા નોંધાયા બાદ લોકોમાં વ્યાપક દહેશત ફેલાઇ ગઈ હતી.

### મેનકા ગાંધી ઈમરજન્સી વોર્ડમાં એડમિટ



ઉત્તરપ્રદેશના પીલીભીતના સાંસદ અને કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા ગાંધીની અચાનક તબીયત બગડતા તેમને તાત્કાલિક પીલીભીત જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### રિષીકપૂર વિરૂદ્ધ એફઆઈઆર દાખલ

રિષીકપૂર વિવાદાસ્પદ ટ્વીટને



કારણે હંમેશા સમાચારમાં છવાયેલા રહે છે. હવે તેમના પર તેઓના બંગલાની સામેના વૃક્ષને નુકશાન પહોંચાડવાનો આક્ષેપ લગાવાયો છે. એપ્રિલમાં બીએમસીએ રિષીકપૂરને શૉ-કોઝ નોટીસ મોકલી હતી. જેનો જવાબ તેમણે ન આપતા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

### હાલના સ્વરૂપમાં GSTને સ્વીકારવાની મમતાની ના

જીએસટીના અમલીકરણ આડે એક મહિનાથી પણ ઓછો સમય છે ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું છે કે, તેમની સરકાર તેના વર્તમાન સ્વરુપના નવી ટેક્સ વ્યવસ્થાને સ્વીકારશે નહીં.

૮૯મી જન્મજયંતિએ
હાર્દિક સ્મરણાંજલિ



સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ
પ્રાર્થના સભા
તારીખ :૦૩-૦૬-૨૦૧૭
સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦
-: સ્થળ :-
નર્મદા ઘાટ, ગાંધીનગર
■ સરદાર વલ્લભભાઈ સહકારી બેંક
■ સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ અને સરદાર પરિવાર

Required
"Urgently Required for Holiday Xchange Club"
Young, Dyanimic, Enthusastic, candidates age 18-30 yrs • Salary+incentive
Inhouse Sales Executive (10 M/F)
Tele Marketing Executive (10 M/F)
Contact :- 7016406200 / 7979862499
Mail :- hxc@job4u.com

સ્મરણાંજલિ
૮૯મી જન્મજયંતિએ....



સ્વ. ચીમનભાઈ પટેલ
(પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)
પ્રાર્થના સભા : તા. ૩/૬/૨૦૧૭, શનિવાર
સવારે : ૮-૩૦ થી ૯-૩૦ કલાકે, નર્મદા ઘાટ, ગાંધીનગર
આવો સૌ સાથે મળી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ...
નરેન્દ્ર એમ. શાહ
- ડિરેક્ટર -
ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.

મિત્રો, "પરીક્ષામાં નાપાસ થયા છો જિંદગીમાં નહિ..! હિંમત ના હારશો"
શું આપ ધો. ૧૦ માં નાપાસ થયા છો ? તો ચિંતા કરવાની કોઇ જ જરૂર નથી.
૧૦૦% પાસની ખાત્રી | દરરોજ ૩ કલાક ટ્યુશન | AC કલાસરૂમ
રૂબરૂ મળીને જાણો — મિત્રો તમને જાણીને નવાઈ લાગશે કે પાસ થવું ખરેખર આટલું સરળ હતું !!
Admission Open — બેચ 5 જૂન-૨૦૧૭ થી શરૂ...
99244 06171 / 75 74 98 42 98
ABC Classes | Sector-13/A

MAHI COMMERCE ZONE Since 2007
11th-12th Guj./Eng. Med.
STD. 11th Com. Start on 5th June
Dashrath Sir - 99091 58901
Rachna Mam (C.A/C.S)
AC Classroom
ALL Subject
Admission Open
STD-12th March 2017
Amir Bukhari 99.66 PR | Kiran Karmur 99.53 PR | Komal Katarmal 99.51 PR | Khushal Limbasiya 99.46 PR | Devangi Mehta 99.36 PR | Pratham Jadav 98.28 PR | Raniya Nagori 96.72 PR | Kajal Patni 95.53 PR | Falguni Vaghela 93.72 PR
Congratulations for join MCZ in STD-11th
Khushbu Priyadarshi 99.19 PR | Shruti Thakkar 98.60 PR | Kanvi Shah 97.13 PR | Tarang Jotangiya 97.06 PR | Rajdeepsinh Vaghela 95.07 PR | Avniba Rathod 93.70 PR | Dhruvrajsinh Sodha 93.46 PR | Manthan Bochattar 93.46 PR | Riya Desai 90.85 PR
Address: Sector-2c, Plot No. 737/1, Nr. Gh-1.5, Opp. Aandhra Bank
Sector-5, Plot No. 1683/1, B/h. MRF Tyre Showroom
Sector-24, Opp. Capital Sports, Nr. Dr. Rashmin Prajapati Clinic
ધો.12 પછી... સરકારી નોકરીની ગેરંટેડ બેચમાં જોડાઓ... 15th જુનથી શરૂ...
F.Y.B.C.om Eng/Guj. Medium Batch Start

આયુર્વેદિક દવાઓ
હ્રીં | NAGARJUNA | BAN Since 1966 | Himalaya | ZANDU | ધૂતપાપેશ્વર | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath | Dabur | SANDU | Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

CELEBRATING 67 YEARS
આ ઉજવણી નિમિત્તે
50%* ઘડામણ પર ડિસ્કાઉન્ટ — *916 સોનાનાં તથા રીયલ ડાયમંડનાં ઘરેણાં પર
100%* ઘડામણ પર ડિસ્કાઉન્ટ — *પસંદગીના 916 સોનાનાં તથા રીયલ ડાયમંડનાં ઘરેણાં પર
350/- પ્રતિ ગ્રામ → 171/- પ્રતિ ગ્રામ — સોનાની પ્લેન નક્કર બંગડીઓ પર ૫૦% થી વધુ ડિસ્કાઉન્ટ.
425/- પ્રતિ ગ્રામ → 211/- પ્રતિ ગ્રામ; 495/- પ્રતિ ગ્રામ → 241/- પ્રતિ ગ્રામ — સેટ, કંગન, ફેન્સી બેંગલ્સ, લકી બ્રેસલેટ, મંગલસૂત્ર, પેન્ડન્ટ સેટ, બાજુબંધ, ચેઈન, હોલો ચેઈન, નક્કર ચેઈન, વગેરે.
575/- પ્રતિ ગ્રામ → 281/- પ્રતિ ગ્રામ — એન્ટીક જડતર-સેટ, કંગન, બાજુબંધ, બ્રેસલેટ, પેન્ડન્ટ સેટ અને પોલકી-સેટ, બ્રેસલેટ, પેન્ડન્ટ સેટ, વગેરે.
* શરતોને આધીન
ઑફર ફક્ત તૈયાર ઘરેણાં પૂરતી માન્ય અને ૧૧ જૂન, ૨૦૧૭ સુધી.
એ બી જ્વેલ્સ — ડાયમંડ • પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર — અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ
શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ. ફોનઃ 079-40402525 / 26742525
રવિવારે શો-રૂમ કાર્યરત. • વેલે પાર્કિંગ ની સુવિધા ઉપલબ્ધ.
Website: www.abjewels.com • Like us on facebook / abjewels